ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૧૬
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. 30/૫/૨૦૧૫

## // પરિપત્ર //

**વિષય:– નિગમની નીતિ અન્વયે પ્લોટ/ શેડ કે અન્ય મિલ્કતની જયારે પણ એક વખત ઔપચારિક કે અનઔપચારિક પ્રકારની તબદીલીની દરખાસ્ત મંજૂર કરવામાં આવે અને તે સમયે ક્ષેત્રિય કચેરી ધ્વારા પ્લોટ/ શેડ કે મિલ્કતને વપરાશી ગણી તેના અનુસંધાને તે સમયે લાગુ પડતી તબદીલી ફી વસુલ કરી જો તબદીલ કરેલ હોય અને જો આવી મિલ્કતોની કોઈક કારણસર પુનઃ તબદીલીની દરખાસ્ત મળે તે સમયે તબદીલી ફી ઉપરાંત વણવપરાશી દંડકીય રકમ પણ જો તે ઉદ્યોગકાર ધ્વારા નિગમની મિલ્કતનો ઉપયોગ થતો ન હોય તો વસુલ કરવા બાબતે આંશિક સુધારા બાબત.**

**સંદર્ભ:– (૧) નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંકઃ ૩૮/વિતરણ/૪૭૮/૨૦૧૫.**
**(૨)ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૪, તા.૧૫/૫/૨૦૧૫.**

નિગમની ૪૭૮ મી સભામાં થયેલ ઠરાવ ક્રમાંકઃ ૩૮/વિતરણ/૪૭૮/૨૦૧૫ અન્વયે સંદર્ભ (૨) થી ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧૪, તા.૧૫/૫/૨૦૧૫ નો પરિપત્ર અમલમાં છે. જેમાં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧) આ નીતિ ફકત ઔદ્યોગિક પ્લોટ/શેડ ને લાગુ કરવાની રહેશે.
(૨) પાત્રતા ધરાવતા કિસ્સાઓમાં નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ રહેશે.

| ક્રમ | મિલ્કતનું વર્ણન | વિસ્તાર | સત્તા અધિકારી |
|---|---|---|---|
| ૧. | ઔદ્યોગિક શેડ | ––– | પ્રાદેશિક મેનેજર |
| ૨. | ઔદ્યોગિક પ્લોટ | ૧૦,૦૦૦ ચો.મી. સુધી | પ્રાદેશિક મેનેજર |
| | | ૧૦,૦૦૦ ચો.મી. થી વધુ | વિભાગીય પ્રબંધક |

સંદર્ભ (૨) તળે જારી કરવામાં આવેલ પરિપત્રની અન્ય તમામ શરતો યથાવત રહેશે. આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ–**
(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).